# વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ

**PERSONALITY DEVELOPMENT
PROGRAMME FOR STUDENTS
(PDPS)**




પ્રકાશક
પ્રજ્ઞાસભા -સૌરાષ્ટ્ર પ્રાંત

# વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ

**Personality Development Programme for students**
**(PDPS)**

**પ્રકાશક**

**પ્રજ્ઞાસભા–સૌરાષ્ટ્ર પ્રાંત**

**પરિચય :** પ્રજ્ઞાસભાનો મુખ્ય ઉદ્દેશ દેશભરમાં ભારતીયતાને વરેલા પ્રજ્ઞાવાન લોકો એટલે કે બૌદ્ધિકો અને વિદ્વાનોને એક મંચ પર લાવી તેમની બૌદ્ધિક સંપદાને નિઃસ્વાર્થ રીતે સમાજ ઉપયોગી બનાવી રાષ્ટ્રને મજબૂત બનાવવાનો છે. પ્રજ્ઞાસભા, સમાજની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયત્નશીલ એક સંસ્થા છે. પ્રજ્ઞાસભા દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી, કૃષિ, ઉદ્યોગ, વાણિજ્ય અને અર્થશાસ્ત્ર, શિક્ષણ, પર્યાવરણ અને જળ સંરક્ષણ, સેવાબંધુ, વનબંધુ, કાયદો અને સુરક્ષા, આરોગ્ય જેવાં કેટલાંક અધ્યયન ક્ષેત્રોની વિસ્તૃત ઓળખ કરી, આ ક્ષેત્રોમાં કાર્યરત નિષ્ઠાવાન સંશોધનકારોને એકઠા કરી તેમની કુશળતાનો ઉપયોગ કરીને, સમાજની મુશ્કેલીઓને લગતા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈ તેનું યથાર્થ નિરાકરણ કરવાનો અને સમાજ ઉપયોગી રચનાત્મક કાર્ય માટે કેવી રીતે કરી શકાય તે માટેનો પ્રયત્ન કરે છે.

આ માટે ઉપર મુજબના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત વિદ્વાનોના ગ્રુપને અને તેમના સાથી સભ્યોને તેમના ક્ષેત્રોમાં વધુ સંશોધન કરી શકે તે માટે ગ્રુપ-બેઠકો અને વિચારણીય સંગોષ્ઠી સત્રોની ગોઠવણી કરે છે કે જેના દ્વારા તેમના વિચારો અને સંશોધનને કાર્યમાં લાવી ભારતીય સમાજ અને સાથે સમગ્ર માનવ જાતને મજબૂત બનાવી શકાય.

'શ્રી કૃષ્ણકુંજ', ૧-હરિનગર, સીતારામ છાત્રાલય પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
સંપર્ક : 90999 39496 ● ઈ-મેઈલ : pragnasabhagmail.com

## પ્રસ્તાવના

પ્રજ્ઞાસભાનો મુખ્ય ઉદ્દેશ દેશભરમાં ભારતીયતાને વરેલા પ્રજ્ઞાવાન લોકો એટલે કે બૌદ્ધિકો અને વિદ્વાનોને એક મંચ પર લાવી તેમની બૌદ્ધિક સંપદાને નિઃસ્વાર્થ રીતે સમાજ ઉપયોગી બનાવી રાષ્ટ્રને મજબૂત બનાવવાનો છે.

૧૯મી અને  ૨૦મી સદીની શરૂઆતમાં આપણા વિદ્વાન પૂર્વજો કે જેને આપણે ઋષિઓ કહીએ છીએ તેમણે તેમના ગૂઢ અભ્યાસ દ્વારા સાબિત કર્યું કે ભારત માત્ર ધર્મ દર્શનના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં પણ અગ્રણી હતો. આટલું જ નહીં, એ વિદ્વાન પૂર્વજોએ સામાન્ય લોકોના હિતે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય કર્યો હતો અને તેમની વચ્ચે વૈજ્ઞાનિક સ્વભાવ વિકસાવ્યો હતો. આ સમન્વયના ભાગ રૂપે બહાર આવેલ વૈજ્ઞાનિક દૃષ્ટિના કારણે તેઓએ વિજ્ઞાનના વિકાસનો એવો અભિગમ અપનાવ્યો કે જેનાથી તેમની જીવનશૈલી જ બાયો કલ્ચર-પર્યાવરણને અનુકૂળ બનાવી દીધી હતી, કે જે જીવસૃષ્ટિ માટે અનુકૂળ અને મંગલકારી બને કે જેની આવશ્યકતા અને જરૂરિયાત આજનું વિશ્વ પણ અનુભવી રહ્યું છે. આપણા ઘણા વિદ્વાનોએ ખૂબ સંશોધનો કરી વિશ્વના બૌદ્ધિકો સમક્ષ વિવિધ પુસ્તકો અને લેખ દ્વારા મજબૂત પુરાવા સાથે પુરાતન ભારતીય વિજ્ઞાનનાં તથ્યો બહાર લાવ્યા છે.

શરૂઆતના યુરોપિયન વિદ્વાનોએ તેમના પ્રાચીન અધ્યયનો માટે ભારતને તેમની બૌદ્ધિકસમૃદ્ધિ અને જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં

વૈવિધ્યસભર અભ્યાસ માટેનું કેન્દ્ર બનાવેલ. તેઓ ખૂબ સારી રીતે જાણતા હતા કે ભારત પાસે માનવતાની દરેક નાજુક અને નિર્ણાયક સમસ્યાઓનું નિરાકરણ તેમના અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તકનીકી, વ્યાપક અર્થમાં આરોગ્ય, દવા, પરિવહન, કૃષિ, મેનેજમેન્ટ, લશ્કરી અને શસ્ત્રવિજ્ઞાન, સુખી શિક્ષણશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વહીવટીશાસ્ત્ર, વેપાર અને ઉદ્યોગ, પશુપાલન વગેરે જેવી જ્ઞાનની વ્યવસ્થા દ્વારા મળી શકે છે.

આવા ક્ષેત્રોના જ્ઞાનવાન, શ્રદ્ધાવાન બૌદ્ધિકોને એક મંચ પર લાવી તેમની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં પદાર્પણ કરે અને આ રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે લઈ જવા કટિબદ્ધ બને તેવો ઉદ્દેશ પ્રજ્ઞાસભાનો છે.

પ્રજ્ઞાસભા, એ સમાજની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયત્નશીલ એક સંસ્થા છે જેમાં નિષ્ઠાવાન સંશોધનકારોને એકઠા કરી તેમની કુશળતાનો ઉપયોગ કરીને, સમાજની મુશ્કેલીઓને લગતા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઇ તેનું યથાર્થ નિરાકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

પ્રજ્ઞાસભાએ વિજ્ઞાન અને ટૅકનોલૉજી, કૃષિ, ઉદ્યોગ, વાણિજ્ય અને અર્થશાસ્ત્ર, શિક્ષણ, પર્યાવરણ અને જળ સંરક્ષણ, સેવાબંધુ, વનબંધુ, કાયદો અને સુરક્ષા, આરોગ્ય જેવા કેટલાક વિસ્તૃત અધ્યયન ક્ષેત્રોની ઓળખ કરી આ ક્ષેત્રોમાં કાર્યરત વિદ્વાનોના જ્ઞાનનો ઉપયોગ સમાજ ઉપયોગી રચનાત્મક કાર્ય માટે કરી રહ્યું છે. આ માટે પ્રજ્ઞા સભા ઉપરના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત વિદ્વાનો અને તેમના સાથી

સભ્યોને તેમના ક્ષેત્રોમાં વધુ સંશોધન કરી શકે તે માટે કરવા માટે ગ્રુપ-બેઠકો અને વિચારણીય સંગોષ્ઠી સત્રોની ગોઠવણી કરે છે કે જેના દ્વારા તેમના વિચારો અને સંશોધનને કાર્યમાં લાવી ભારતીય સમાજ અને સાથે સમગ્ર માનવ જાતને મજબૂત બનાવી શકાય.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦

સર્જનાત્મકતા વિના કોઈ પ્રગતિ થઈ શકતી નથી. શિક્ષણ પ્રણાલી સંબધિત (રીલેવન્ટ) ત્યારે જ બની શકે જ્યારે તે સમાજની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરી શકે. શિક્ષણ પ્રણાલી અને મૂલ્યાંકન પદ્ધતિએ પ્રતિસ્પર્ધી બનવાની પ્રેરણા આપે તેવી નહિ પરંતુ સહકાર, સહયોગ અને સાથે મળીને સારા પરિણામ લાવી શકાય તે વાતને જ પ્રોત્સાહિત કરતી હોવી જોઈએ.

આપણી કોલેજો અને યુનિવર્સિટીઓ રોબોટ બનાવવાની ફેક્ટરી ન બની રહે એ આ શિક્ષણ નીતિનું હાર્દ છે. હાલની શિક્ષણ-પદ્ધતિ જ એવી છે કે જેમાં, એક જ પેટર્નમાં ભણવાનું, જે ભણ્યા તેની પરીક્ષા આપવાની અને સારા માર્ક્સ મેળવવાના. એ જ વિષયને અનુરૂપ પોતાની રીતે મૌલિક કંઈ પણ લખ્યું હોય તો પણ માર્ક્સ ન મળે, જે ભણાવ્યું એ જ લખવાનું તો જ માર્ક્સ મળે, ઉત્તીર્ણ થવાય. એટલે કે આ શિક્ષણ પ્રણાલી નવા વિચારને કોઈ પ્રોત્સાહન આપતી નથી. NEP-૨૦૨૦ કહે છે કે હવે આપણે વિદ્યાર્થીમાં આવેલ નવા વિચારને ક્યુરીઓસીટીને પ્રોત્સાહન આપવું પડશે અને આ નવા વિચાર અને તે દ્વારા નવા સંશોધનનું યોગદાન વર્ગ ખંડોની બહાર લાવવું પડશે અને

સમાજમાં સ્વીકૃત બને તે માટે બધાએ પ્રયત્ન કરવો પડશે. નવા વિચારોને સમાજ ઉપયોગી બનાવવું પડશે તેનું અમલીકરણ કરવું પડશે. ફક્ત અનુદાન કોઈપણ યુનિવર્સિટીને વૈશ્વિક સ્તરે ઉપર ન લઈ જઈ શકે. શિક્ષણ પ્રણાલીને મજબૂતાઈથી ટકાવી રાખવા સૌ પ્રથમ આપણા પાઠ્યક્રમ સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરતા બનાવવા પડશે.

આપણા વર્ગખંડોમાં વાર્તા રૂપે સરળ શૈલીમાં પાઠ્યક્રમ ભણાવાય. વિદ્યાર્થીઓને વર્ગ-ખંડમાં ધ્યાન કેન્દ્રિત કરાવવા વર્ગમાં ચાલતા વિષયોની વિસ્તૃત છણાવટ, અને તે માટે અલગ-અલગ પ્રવૃત્તિઓ કરી પ્રાયોગિક રૂપે બતાવી વિષયને રસપ્રદ બનાવવો પડશે. વિદ્યાર્થીને બધા પ્રકારની ચર્ચામાં ભાગ લેતા કરવા પડશે. આવી બધી પ્રકારની પ્રવૃત્તિઓ અને બાબતો માટે શિક્ષકે પોતે સજ્જ થવું પડશે.

પાઠ્યક્રમમાં દળદાર પુસ્તકોના બદલે મુખ્ય અને આવશ્યક હોય તેવા વિષયો સાથે અન્ય સ્કીલ પણ શીખવાડવી પડશે. મૂલ્યાંકન પદ્ધતિમાં પણ વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન કરી શકાય તેવી રીતનો ફેરફાર કરવો પડશે. માત્ર વિજ્ઞાન અને ગણિતનાં જ્ઞાનને જ મહત્ત્વ ન મળતા સાહિત્ય, કૃષિ, પાકશાસ્ત્ર, સંગીત, નૃત્ય અને ચિત્ર વગેરે જેવી લલિત કલાઓ શીખીને તેમાં પ્રગતિ કરવાની તક લગભગ બધાં વિદ્યાર્થીઓને સમજાય તેવી શિક્ષણ પદ્ધતિ ગોઠવવી પડશે. વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ થાય અને સંસ્કાર ઘડતર થાય એ હેતુ રહેવો જોઈએ. ભણતર આર્થિક

ઉપાર્જન માટે નથી જ તે સમજ કેળવાય તે માટે વ્યવસ્થા ઊભી કરવી પડશે.

## આ પુસ્તક શા માટે?

વિદ્યાર્થીને શું વિચારવું એના કરતા કેવી રીતે વિચારવું તે આ પુસ્તક શીખવશે, કે જે તેમને ભવિષ્યની ચેલેન્જ સામે લડવાની તાકાત આપશે. વિદ્યાર્થીને નવો વિચાર ૨૪માં વર્ષે ન આવે, એ કોઈકનું અનુસરણ કરી શકે. સર્જનાત્મકતાથી અને નવીન વિચારોથી ભરપૂર આ યુવા માનસને પ્રોત્સાહિત કરશે, અને અંદર પડેલી વાસ્તવિક ખૂબીઓને બહાર લાવશે. પોતાનામાં વિશ્વાસ ઊભો કરાવશે અને સાથે જ ભારતદેશ માટે પ્રેમ અને વિશ્વાસ ઊભો કરવામાં મદદરૂપ થશે. ભારત એક યુવા દેશ છે, કુલ વસ્તીના ૨૦% વસ્તી યુવાનોની છે. યુવા મન, યુવાન દેશ, બસ આ મહાન કુદરતી સંસાધનોને રૂપાંતરિત કરવાની પ્રક્રિયા આ પુસ્તકમાં છે. જો આપણે આ યુવા વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ કે ખોટું શિક્ષણ આપીશું તો આપણે આ યુવા શક્તિને ગુમાવી દઈશું, અને દેશને ખૂબ મોટું નુકસાન ભોગવવું પડશે.

કોલેજ કે યુનિવર્સિટીઓ વિદ્યાર્થીમાં કોઈ સર્જનાત્મકતા ખીલે કે રાષ્ટ્રવાદી ગુણ પણ વિકસે એ પ્રકારના કાર્યક્રમોની ખૂબ આવશ્યકતા છે. આ પુસ્તક વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ખૂબ મોટો ફાળો આપી શકે છે. આ પુસ્તક વિદ્યાર્થીઓમાં નેશન ફર્સ્ટના ગુણો પ્રસ્થાપિત કરી વિદ્યાર્થી નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના પથ પર લઇ જઈ શકશે.

આજ કાર્ય પદ્ધતિના ભાગ સ્વરૂપે વિદ્યાર્થી નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના વિચાર સાથે પ્રજ્ઞાસભા દ્વારા આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તિકા નેશન ફર્સ્ટના દઢ વિચારવાળા વિદ્યાર્થીઓમાં એજ્યુકેશન ફોર નેશન સાબિત થઇ રહેશે. વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસ પુસ્તિકામાં આપેલ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક કાર્યક્રમો ભારતનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, શારીરિક સ્વસ્થતા અને દઢ મનોબળવાળા ભારતીયતાના બીજ રોપાય તેવો પ્રયત્ન છે.

●

## કેવી શિક્ષણ પ્રણાલીની આવશ્યકતા :

શિક્ષણ પ્રણાલીને મજબૂતાઈથી ટકાવી રાખવા સૌ પ્રથમ આપણા પાઠ્યક્રમ સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરતા બનાવવા પડશે. પાઠ્યક્રમમાં દળદાર પુસ્તકોના બદલે મુખ્ય અને આવશ્યક હોય તેવા વિષયો સાથે રમત-ગમત, બાગકામ, ચિત્રકામ અને પ્રાર્થના દ્વારા સંગીતની તાલીમ મળે. શ્રમનું મૂલ્ય સમજાય તે હેતુથી કાંતણ, સીવણ અને ખેતી વિષયો તરીકે લેવાય. આપણા વર્ગખંડોમાં વાર્તા રૂપે સરળ શૈલીમાં પાઠ્યક્રમ ભણાવાય. વિદ્યાર્થીઓને વર્ગ-ખંડમાં ધ્યાન કેન્દ્રિત કરાવવા વર્ગમાં ચાલતા વિષયોની વિસ્તૃત છણાવટ, અને તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓ કરી પ્રાયોગિક રૂપે બતાવી વિષયને રસપ્રદ બનાવવો પડશે. વિદ્યાર્થીને બધા પ્રકારની ચર્ચામાં ભાગ લેતા કરવા પડશે. આવી બધી પ્રકારની પ્રવૃત્તિઓ અને બાબતો માટે શિક્ષકે પોતે સજ્જ

થવું પડશે. હાલની મૂલ્યાંકન પદ્ધતિથી વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન માપી શકાતું નથી. ગૃહકાર્ય પણ વિદ્યાર્થીઓ હોંશે હોંશે કરે તે માટેની વ્યવસ્થા ગોઠવવી પડશે. મોંઘુ શિક્ષણ ન હોય તો ભરેલ ફી એળે ન જાય એનો ભય જ ન રહેતા માત્ર પોતાની શક્તિ કેવી છે તે પોતાને માટે જ સાબિત કરવાની મહેચ્છા રહે. કોઈપણ પ્રકારનો બોજ નહિ. પરીક્ષાનો ડર ન રહે. સાથે-સાથે જ શાળાઓમાં માત્ર વિજ્ઞાન અને ગણિતનાં જ્ઞાનને જ મહત્ત્વ ન મળતા સાહિત્ય, કૃષિ, પાકશાસ્ત્ર, સંગીત, નૃત્ય અને ચિત્ર વગેરે જેવી લલિત કલાઓ શીખીને તેમાં પ્રગતિ કરવાની તક લગભગ બધાં બાળકોને સમજાય તેવી શિક્ષણ પદ્ધતિ ગોઠવાય. શાળાઓમાં ભણવા મોકલવા પાછળ બાળકનો સર્વાંગી વિકાસ થાય અને સંસ્કાર ઘડતર થાય એ હેતુ રહેવો જોઈએ. ભણતર આર્થિક ઉપાર્જન માટે નથી જ તે સમજ કેળવાય તે માટે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

શાળાઓમાં હાલમાં કોઈ પણ પ્રકારની અન્ય પ્રવૃત્તિઓને અવકાશ નથી, વ્યવસ્થા પણ નથી, ખુલી જગ્યા કે મેદાન પણ નથી. જ્યાં થોડી ઘણી ચાલે છે તે ચાલતી પ્રવૃત્તિઓ નીરસ હોવાના કારણે વિદ્યાર્થીમાં કોઈ સર્જનાત્મકતા ખીલતી નથી કે રાષ્ટ્રવાદી ગુણ પણ વિકસતા થતા નથી. આ પુસ્તક વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ખૂબ મોટો ફાળો આપી શકે છે. **આ પુસ્તક વિદ્યાર્થીઓમાં નેશન ફર્સ્ટના ગુણો પ્રસ્થાપિત કરી વિદ્યાર્થી નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના પથ પર લઈ જઈ શકશે.**

આજ કાર્ય પદ્ધતિના ભાગ સ્વરૂપે વિદ્યાર્થી નિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણના વિચાર સાથે પ્રજ્ઞાસભા દ્વારા આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તિકા નેશન ફર્સ્ટના દઢ વિચારવાળા વિદ્યાર્થીઓમાં એજ્યુકેશન ફૉર નેશન સાબિત થઇ રહેશે. વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસ પુસ્તિકામાં આપેલ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક કાર્યક્રમો ભારતનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, શારીરિક સ્વસ્થતા અને દઢ મનોબળવાળા ભારતીયતાના બીજ રોપાય તેવો પ્રયત્ન છે.

**:: સંકલનકર્તા ::**

ડૉ. મનીષ શાહ (એમ.એસસી.,પીએચ.ડી.)

ડૉ. વીરેન્દ્ર પટેલ (એમ.એસસી.,પીએચ.ડી.)

ડૉ. નિલય પંડ્યા (એમ.એસસી.,પીએચ.ડી.)

ડૉ. આશિષ મકવાણા (એમ.કોમ.,પીએચ.ડી.)

ડૉ. નવનીત ઘેડિયા (એમ.એસસી.,પીએચ.ડી.)

ડૉ. દીપક વ્યાસ (એમ.એડ્.,પીએચ.ડી.)

ડૉ. દીપક પટેલ (એમ.એ.,પીએચ.ડી.)